## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

વ્યર્થ દુનિયામાં પ્રણયને આંધળો કહેવાય છે
તું નજર સામે નથી,તો પણ મને દેખાય છે !
- 'મરીઝ'

### પાથેય

- રમેશ ઠક્કર

## એવા રે અમે એવા રે..!

જગતમાં પ્રેમીઓની વાત અનોખી છે.એમાં શરત વગરના કરારો હોય છે.જે કંઇ પણ થાય એ અચાનક થતું હોય છે.એની કોઇ નિયત પદ્ધતિ કે ગણતરી હોતી નથી..એ એક ગૂઢ અનુભૂતિ છે..અને એટલે જ પ્રેમીઓની આસપાસ અવનવી કથાઓ અને માન્યતાઓ રચાતી રહે છે...લોકો સામાન્ય રીતે કહે છે કે પ્રેમ આંધળો હોય છે..એટલે કે એમાં પડનાર વ્યકિત એટલી બધી મુગ્ધ હોય છે કે એને જગતની સામાન્ય વ્યવ્હારિકતા પણ દેખાતી નથી..

આપણી આ બધી માન્યતાઓ સાથે જો કે એમાં પડનારાને કોઇ લેવાદેવા હોતી નથી.એવા રે અમે એવા રે ,તમે કહો છો એવા રે..ભકિત કરતાં જો કહેશો તો કરશું દામોદરની સેવા રે..આવી નરસિંહ જેવી ખુમારી એમનામાં હોય છે.આમ જોઇએ તો પ્રેમ અને ભક્તિ બંને લગભગ સમાન અનુભૂતિઓ છે..એમાં આંધળો વિશ્વાસ જરૂરી છે..પણ આનો અર્થ એવો ના કરી શકાય કે એમાં કશું જોયા વગર જ થતું હોય છે ! પ્રેમીઓ કે ભક્તો પાસે એક અલગ દ્રષ્ટિ હોય છે જેના થકી એ બંધ આંખે પણ બધું જ જોઇ શકતા હોય છે..દૂર વસતા પ્રિયજનની તમામ હલચલ એ જીવંત જોઇ શકે છે..આને તમે દિવ્ય અનુભૂતિ કે ટેલીપથી પણ કહી શકો !

જગત શું ફકત વ્યવહારિક બાબતોથી જ ચાલે છે? લાગણી સ્નેહ કે સદભાવ કેવળ આદર્શો જ છે? કિતાબો મેં છપતેં હૈ ચાહત કે કિસ્સે ..હકિકત કી દુનિયા મેં ચાહત નહીં હૈ..એવું ઘણાને લાગતું પણ હોય છે...પરંતુ આપણી ઘણી બધી બાબતો કોઇકની શુભેચ્છાઓ થકી જ પાર પડતી હોય છે..

નિસ્વાર્થ સ્નેહ એ મોંઘેરી વાત છે..એવું કહેવાય છે કે જયાં દવા કામ ના કરે ત્યાં ઘણીવાર દુવા અસરકારક બની જાય છે...ડાહ્યા માણસો અચૂક કહે છે કે કોઇની પણ લાગણી ના દુભવવી...માનવ મન ના શુભ અશુભ ભાવો થકી જ જગત પ્રતિબિંબિત થાય છે એ હકિકત છે,પણ એ સમજવા હદય નો તાલ મેળવવો પડે..ભીતર તાગવું પડે...સાચા હદયની શુભેચ્છા કે અંતર ના આશીર્વાદ હંમેશાં ફળે છે.આપણે જયારે નિસ્વાર્થ ભાવે કશુંક વ્યકત કરીએ છીએ ત્યારે દુનિયામાં પણ એનો પડઘો પડે જ છે..

પ્રેમનું રસાયણ અમોઘ છે..કેવળ ભોતિકતાના ભ્રમમાં રાચતો માણસ સ્નેહની સરવાણીનું સિંચન કરે તો પણ,સુખની લીલીછમ વનરાજી છવાઈ જતી હોય છે..

# નરસંહારનું સમર્થન થઈ ના શકે

**તંત્રીસ્થાનેથી...**

રશિયા-યુક્રેન યુદ્ધ આટલું લંબાશે એની ભાગ્યે જ કોઈએ કલ્પના કરી હશે. જયારે એકહથ્થુ સત્તાધીશ જીદ પર આવી જાય છે ત્યારે એને પોતાનો અહંકાર પોષવા માટે ક્રૂરમાં ક્રૂર રીતરસમો અજમાવતાં રોકી શકાતો નથી. રશિયાના સર્વેસર્વા બની બેઠેલા રાષ્ટ્રપતિ પુતિન આવી જીદ પર આવી ગયા છે. એમને હવે યુક્રેનની બિનશરતી શરણાગતિથી ઓછું કંઈ જ ખપતું નથી. યુક્રેનના રાષ્ટ્રપતિએ ગજા બહારનું જોર બતાવ્યું છે. પરંતુ એથી પુતિન વધુ ને વધુ ઉશ્કેરાતા જ રહ્યા છે. યુક્રેનની નિર્દોષ પ્રજાનો સોથ વળી રહ્યો છે. ઝેલેન્સ્કી એમના સલામતી કવચ વચ્ચે છુપાઈને રોજેરોજ રશિયા વિરોધી નિવેદનો કરતા રહે છે અને વૈશ્વિક સ્તરે બુમરાણ મચાવી લાઈમલાઈટમાં રહ્યા કરે છે. મરો થાય છે પ્રજાનો. પુતિન જીવ પર આવી ગયા છે. અમેરિકન રાષ્ટ્રપતિ એમને યુદ્ધ અપરાધી ગણાવી ચૂક્યા છે. પરંતુ એ ચૂપચાપ વ્હાઈટ હાઉસમાં ડિનર પાર્ટીઓ યોજે છે અને રોજેરોજ એકાદ પુતિન વિરોધી નિવેદન બહાર પાડી યુક્રેનની સૈન્ય સહાય માટે થોડા ડૉલર છૂટા કરતા રહે છે. આખરે એમનાં શસ્ત્રોથી યુક્રેન થોડું બચવાનું છે ? અમેરિકા અને યુરોપીય રાષ્ટ્રો જેટલી વધારે ઉશ્કેરાશે અને રશિયન સેના વધારે ક્રૂરતાપૂર્વક યુક્રેનના નાગરિકો પર જુલમ ગુજારશે. કીવ કબજે કરવામાં નિષ્ફળતા સાંપડ્યા પછી રશિયન સેના બીજાં શહેરોનો ખુરદો બોલવી રહી છે. મારિયુપોલ બંદર ખંડેરમાં ફેરવાઈ ગયું છે અને બહારથી આવતા જીવન જરૂરિયાતના જથ્થાને અટકાવી દેવાયો છે. યુક્રેનનો ભૂખે મરવું પડે એવી પરિસ્થિતિ સરજી પુતિન શરણે લાવવાનો કારસો ઘડી રહ્યા છે. ઝેલેન્સ્કીએ એમની ટેવ મુજબ દુનિયા સામે રાવ નાખી જ છે કે પુતિન હવે 'ભૂખ'ને હથિયાર તરીકે ઉપયોગ કરવા કૃતસંકલ્પ છે. પુતિનનું માનસ અદલ બીજા વિશ્વયુદ્ધના જર્મન સરમુખત્યાર હિટલરની હરિફાઈ કરી રહ્યું છે. માનવતાનાં તમામ મૂલ્યો અને યુદ્ધના પ્રસ્થાપિત સિદ્ધાંતો નેવે મૂકીને એ યેનકેન પ્રકારેણ યુક્રેનને અદલ ચેચેન્યાની જેમ નષ્ટભ્રષ્ટ કરી દેવાનો ઈરાદો ધરાવે છે. એમની આ હિંસક મનોવૃત્તિ સામે દુનિયાની જમાદારીનો ઠેકો લઈ બેઠેલા એમરિકાનો વામણો અને સ્વાર્થી ચહેરો પર ખુલ્લો પડી ગયો છે. ઝેલેન્સ્કીએ તો યુનોને પણ વિખેરી દેવાની માગણી કરી છે. જો કે હવે ઝેલેન્સ્કીની બુમરાણ સાંભળવા કોઈ નવરું નથી. એમને શરૂ શરૂમાં અમેરિકા અને નાટો સેના મોકલશે એવો સધિયારો હતો જે ખોટો પડ્યો છે. એ બેઉ શસ્ત્રોની જ સહાય કરે છે - મરવા માટે પોતાના સૈનિકો નથી મોકલતા. મરવાનું તો યુક્રેનના સૈનિકોએ જ છે. વળી યુક્રેન સેનાએ બતાવેલા પરાક્રમથી ડઘાઈ ગયેલ રશિયન સેના વધુ ને વધુ ક્રૂરતાપૂર્વક યુક્રેનના શહેરોને નષ્ઠ ભ્રષ્ટ કરવા લાગી છે. એમાં નિર્દોષ નાગરિકો, મહિલાઓ અને બાળકો પર પણ ક્રૂર અત્યાચારો થયા છે. સેંકડોની સંખ્યામાં નાગરિકોને ગોળીએ દેવામાં આવ્યા છે, સ્ત્રીઓ પર બળાત્કાર થયા છે અને બાળકોને મારી નંખાયા છે. લાશોના ઢગમાં ફેરવાઈ ગયેલ બૂચા શહેરની સેટેલાઈટ તસવીરો તથા રઝળતા મૃતદેહો જોઈ કોઈ પણ નિર્દય માનવીનુંય કાળજું કંપી ઊઠે. પરંતુ એથી પુતિનના પેટનું પાણી હાલવાનું નથી. એ પોતાના સૈનિકો અને શસ્ત્રોની ખુવારી છતાં યુક્રેનને તાબે કરવા કૃતસંકલ્પ છે. ભારત જેવા દેશ પાસે યુક્રેન શાંતિદૂત સ્વરુપે મધ્યસ્થી કરવાની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. પરંતુ ભારત એની વ્યૂહાત્મક કૂટનીતિ મુજબ રશિયા સાથે દુશ્મનાવટ કરી શકે એમ નથી. એટલે દેશના વિદેશમંત્રીએ અપનાવેલ રૂખ કે ભારત હિંસા અટકે અને શાંતિ સ્થપાય એની તરફેણમાં છે - એવું બોદું આશ્વાસન જ યુક્રેનને અને બાકીની દુનિયાને આપી શકે એમ છે. બૂચાના નૃશંસ હત્યાકાંડ સબબ ભારતે જરૂર વિરોધ નોંધાવ્યો છે, પણ એથી શું વળશે ? દુનિયાનો ચીન સહિત કોઈ પણ દેશ નરસંહારનું ખુલ્લું સમર્થન તો નહીં જ કરે છતાં આખરે તો પુતિનની વિજયલાલસા સંતોષાશે નહીં ત્યાં સુધી બેઉ દેશોના સૈનિકો ખુવાર થતા રહેશે. યુક્રેનને ફરી બેઠું થતાં દાયકાઓ લાગી જશે.

# પ્રગટ ભયે રઘુરાયા અવધ મેં

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

(૧) એનું નામ શાન્તા હતું. અયોધ્યાના રાજા દશરથની વહાલસોયી રુપાળી દીકરી હતી.

(૨) દશરથનો એક બાળપણનો



મિત્ર હતો. રોમપાદ. એ પડોશી રાજય અંગદેશનો રાજા હતો. દશરથનો માંડલિક રાજા હતો. એ નિઃસંતાન હતો; તેથી દશરથે એને શાન્તાને દત્તક તરીકે સોંપી. શાન્તાને બંને પાસેથી પિતૃસુખ મળતું.

(૩) શાન્તા પરણવા લાયક થઈ. બાજુના અરણ્યમાં એક પ્રભાવશાળી યુવાન તપસ્વી હતા - ઋષ્યશૃંગ. રોમપાદે. શાન્તાના લગ્ન ઋષ્યશૃંગ. રોમપાદે શાન્તાના લગ્ન ઋષ્યશૃંગ સાથે કર્યા. જમાઈને પોતાની સાથે રાખ્યા.

(૪) મહારાજા દશરથ દુઃખી હતા. એને કોઈ પુત્ર ન હતો. એને આ ચિંતા કોરી ખાતી હતી. 'સૂર્યમાંથી પ્રગટેલો આ મહાન રઘુવંશ મારી સાથે સમાપ્ત થઈ જશે ?' એને પણ હવે વય વધતી જતી હતી.

(૫) કુલગુરુ વસિષ્ઠ અને મંત્રીશ્વર સુમંત્ર પાસે રાજાએ ચિંતા વ્યક્ત કરી. વસિષ્ઠે કહ્યું, 'સદા યુવાન ઋષિ સનત્કુમાર છે. એ માટે આશ્રમે આવ્યા હતા. એમણે બે ભવિષ્યવાણી કરી હતી. (ક) અંગ દેશણાં દુષ્કાળ છે. પરંતુ રોમપાદ ઋષ્યશૃંગને પોતાના જમાઈ બનાવશે. આ ઋષ્યશૃંગ અંગદેશમાં પ્રવેશશે, એટલે એના તપના પ્રભાવથી દુકાળ શમી જશે. (ખ) આ ઋષ્યશૃંગ ત્યાર પછી અયોધ્યા આવશે. એ યજ્ઞ કરાવશે. આ યજ્ઞને કારણે દશરથને ચાર પુત્રો જન્મશે.' (૬) સુમન્ત્રે આના સમર્થનરુપે માહિતી પૂરી પાડી - 'આ પ્રમાણે જ બન્યું છે. અંગ દેશમાં દુકાળ હતો. રાજા રોમપાદે ઋષ્યશૃંગને નિમંત્ર્યા. એમના નગર પ્રવેશ સાથે જ દુષ્કાળ શમી ગયો છે. એના વિવાહ' હમણાં જ શાન્તા સાથે થયા છે.'

(૭) વરિષ્ઠે દશરથને આજ્ઞા આપી. 'તો પછી તમે સૌ અંગદેશ જાવ. ઋષ્યશૃંગને માનભેર અયોધ્યા લઈ આવો.' દશરથે આજ્ઞા સાથે ચડાવી. ત્રણેય રાણીઓ ને લઈને સુમંત્ર સાથે તેઓ અંગ દેશ આવ્યા.

(૮) રોમપાદે સૌનો સત્કાર કર્યો. બધા વિગતો જાણી લીધી. પછી ઋષ્યશૃંગને વિનંતી કરી. 'આ દશરથ છે.' મારા સમ્રાટ જ નથી, બાલસખા પણ છે. આ જ તમારા સાચા સસરા છે. તમે શાન્તાને સાથે રાખીને અયોધ્યા જાવ. એમનું કાર્ય સંપન્ન કરી આવો.' સૌ હવે અયોધ્યા આવી ગયા.

(૯) ઋષ્યશૃંગે સરયૂ નદીના વિશાળ મેદાનમાં યજ્ઞ શરૂ કર્યો. અથર્વવેદને અનુસરીને આ પુત્ર કામેષ્ઠિ યજ્ઞ કર્યો.

(૧૦) લંકાપતિ રાવણનો ત્રાસ ખૂબ વધી ગયો હતો. એ દેવ, યક્ષ, ગાંધર્વ કે રાક્ષસ કોઈથી મરે તેમ ન હતો. માત્ર માણસને હાથે જ મરે તેમ હતો. ભગવાન વિષ્ણુએ તક ઝડપી લીધી. એણે જાણી લીધું. 'દશરથનો યજ્ઞ પૂરો થવા આવ્યો છે.'

(૧૧) યજ્ઞનું સમાપન થવા આવ્યું. યજ્ઞની જવાળાઓમાંથી યજ્ઞ નારાયણ પ્રગટ્યા. એમના હાથમાં સુવર્ણ કળશ હતો. એમાં ક્ષીરનો પ્રસાદ હતો. એમણે દશરથને આદેશ આપ્યો. 'આ પ્રસાદ રાણીનો આપી દે.'

(૧૨) રાણીઓએ પ્રસાદ આરોગ્યો. યોગ્ય સમયે એણને પુત્રો જન્મ્યા : (ક) કૌશલ્યાનો રામ (ખ) કૈકેયીને ભરત (ગ) સુમિત્રાને લક્ષ્મણ અને શત્રુઘ્ન.

(૧૩) શ્રીરામને જન્મ થયો ત્યારે - વસન્તઋતુ. ચૈત્ર સુદ નવમી. દિવસનો મધ્યભાગ. નહિ ઠંડી, નહિ ગરમી. પુનવર્સુ નક્ષત્ર. સૂર્ય-મંગળ, શનિ-ગુરુ અને ચંદ્ર કર્કરાશિમાં. અવધમાં રઘુરાયા પ્રગટ્યા.

### દિન મહિમા

- ભગવાન બુદ્ધની જન્મજયંતિ.
- ૧૮૫૭ - મંગલ પાંડેની પુણ્યતિથિ : સ્વાતંત્ર્ય સંગ્રામનો પ્રથમ શહીદ.
- ૧૯૮૫ - ભોપાલ દુર્ઘટના, જેમાં ૨૦૦૦ માણસોના મૃત્યુ અને, ૨૦,૦૦૦ ને ઈજા થઈ હતી.

આજનું
### ઔષધ

- કાળી દ્રાક્ષને રાક્ષે ઠંડા પાણીમાં રાખી સવારે દ્રાક્ષને મસળી ગાળીને તે પાણી પીવાથી કબજીયાત મટે છે.

### ખડખડાટ

- છાસ, લીંબુ પાણી, ફુદીનો, કેરીનો જ્યુસ, દહીં, લસ્સી, આઈસ્ક્રીમ - આ બધું તો અંધવિશ્વાસ છે. સાચી ઠંડક તો પત્ની શાંત રહે એમાં જ મળે છે... આવું પરણેલાની મીટીંગમાં સાંભળ્યું...!

આજનો
### વોટ્સએપ

- સફળતા રાતોરાત જ મળે છે પણ એ રાત બહુ લાંબી હોય છે.

# યુવા ઓલિમ્પિક રમતોત્સવમાં કયા વય જૂથના ખેલાડી ભાગ લઈ શકે છે ?

**ખજાનો**
**અનિલ પટેલ**

### ખેલ જગત

૧ સચિન તેંડુલંકરે પોતાની ૧૦૦મું શતક કયા દેશ સામે લગાવ્યું હતું?
(અ) ઈંગ્લેન્ડ (બ) બાંગ્લાદેશ
(ક) પાકિસ્તાન (ડ) વેસ્ટ ઈન્ડિઝ

૨ ગોલ્ફ ખેલાડી ટાઈગરવુડ કયા દેશનો ખેલાડી છે ?
(અ) જર્મની (બ) ફ્રાન્સ
(ક) બ્રાઝિલ (ડ) અમેરિકા

૩ યુ.એસ. ઓપન જીતનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી કોણ છે ?
(અ) સાનિયા મિર્ઝા (બ) નિરુપમા સંજીવ
(ક) અંકિતા રાયના (ડ) રિયા ભાટીયા

૪ કયો ખેલાડી રાવલપિંડી એક્સપ્રેસ તરીકે ઓળખાયો હતો ?
(અ) વકાર યુનુસ (બ) વસિમ અકરમ
(ક) શોએલ અખ્તર (ડ) અબ્દુલ રઝાક

૫ પુલેલા ગોપીચંદ કઈ રમત સાથે સંકલાયેલ છે ?
(અ) સ્વીમીંગ (બ) બેડમિન્ટન
(ક) એથ્લેટિક્સ (ડ) ચેસ

૬ યુવા ઓલિમ્પિક રમતોત્સવમાં કયા વય જૂથના ખેલાડી ભાગ લઈ શકે છે ?
(અ) ૧૩ થી ૧૬ (બ) ૧૪ થી ૧૪
(ક) ૧૪ થી ૧૮ (ડ) ૧૬ થી ૨૦

૭ ખેલરત્ન પુરસ્કાર - ૨૦૧૦ કોને એનાયત થયો છે ?
(અ) ગીત શેઠ્ઠી (બ) સાયના નેહવાલ
(ક) નિરુપમા સંજીવ (ડ) સહેવાગ

૮ ક્રિકેટર જેકોબ માર્ટિનની કયા આરોપસર ધરપકડ કરવામાં આવી હતી ?
(અ) ડ્રગ્સ મામલે (બ) મેચ ફિક્સીંગ
(ક) કાળા ધન (ડ) કબુતરબાજી

૯ વિમ્બલ્ડન - ૨૦૧૦નો મેન્સ સીંગલ ટાઈટલ કોણે જીત્યું હતું ?
(અ) રાફેલ નાડાલ (બ) નોવાક ડઝોને
(ક) રોજર ફેડરર (ડ) એન્ડ્રી

૧૦ પાંચ વખત વર્લ્ડ ચેમ્પિયન બનનાર ટેનિસ ખેલાડી રાફેલ નાડાલ કયા દેશનો છે ?
(અ) જર્મની (બ) હોલેન્ડ
(ક) સ્પેન (ડ) ફ્રાન્સ

૧૧ સર આશુતોષ મુખરજી ટ્રોફી કઈ રમત માટે અપાય છે?
(અ) ફૂટબોલ (બ) વોલીબોલ
(ક) બાસ્કેટ ભોલ (ડ) બેઝબોલ

૧૨ રણજીત સ્ટેડિયમ કયાં આવેલું છે ?
(અ) લખનૌ (બ) દિલ્હી
(ક) મુંબઈ (ડ) કોલકાત્તા

૧૩ ૧૯૮૩નો ક્રિકેટ વર્લ્ડ કપ જીતનાર ક્રિકેટર ટીમને કયું હુમલાણું નામ આપવામાં આવ્યું હતું?
(અ) હરિયાણા ડેવિલ્સ (બ) કપિલ્સ ડેવીલ્સ
(ક) ઈન્ડિયન ટાઈગર્સ (ડ) ઈન્ડિયા ડેવીલ્સ

૧૪ મેજર ધ્યાનચંદના પુસ્તકનું નામ શું છે?
(અ) ગોલ (બ) ઈન્ડિયન હોકી
(ક) પ્રાઈડ - ઈન્ડિયા (ડ) વિનીંગ હોકી

૧૫ રાષ્ટ્રીય રમત-ગમત દિવસ કયારે ઉજવાય છે ?
(અ) ૧૨ ઓગસ્ટ (બ) ૧૨ જાન્યુઆરી
(ક) ૨૯ ઓગસ્ટ (ડ) ૧૪ ડિસેમ્બર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૮ એપ્રિલ :
  - યુએનના પૂર્વ જનરલ સેક્રેટરી કોફી અન્નાનનો જન્મદિવસ (૧૯૩૮)
  - યુકેના પ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ માર્ગારેટ થેચરનું અવસાન (૨૦૧૩)
  - જગવિખ્યાત ચિત્રકાર પાબ્લો પિકાસોનું ૯૧ વર્ષની વયે નિધન (૧૯૭૩)
  - મશહુર ફેશન ડિઝાઈનર વિવિએને વેસ્ટવુડનો જન્મદિવસ (૧૯૪૧)
- ૯ એપ્રિલ :
  - અમેરિકન સેનાએ બગદાદ પર કબજો મેળવ્યો (૨૦૦૩)
  - વિશ્વ વિખ્યાત આર્કિટેક ડેનીશ યુટઝોનનો જનમદિવસ (૧૯૧૮)
  - જયા બચ્ચનનો જન્મદિવસ (૧૯૪૮)
  - યુકેના ચાર્લ્સ પ્રિન્સ ઓફ વેલ્સે એ કેમિલા પારકર બોવેલ્સ સાથે લગ્ન કર્યા (૨૦૦૫)
- ૧૦ એપ્રિલ :
  - મરાઠી સાહિત્યકાર ડૉ. શ્રીધર વ્યંકટેશ કેનકરનું નિધન (૧૯૩૭)
  - સાહિત્યકાર વર્ષા અડાલજાનો જન્મદિવસ (૧૯૪૦)
  - કુન્દનલાલ (કે.એસ. ) સાયગલનો જનમદિવસ (૧૯૪૦)
  - મેસીવ ગેલેક્સી એમ-૮૭ના કેન્દ્રમાં આવેલ બ્લોક હોલની તસવીર અવકાશયાત્રીઓ દ્વારા જાહેર કરાઈ (૨૦૧૯)
- ૧૧ એપ્રિલ : રાષ્ટ્રીય સુરક્ષિત માતૃદિવસ
  - અમેરિકાના જયુરીસ્ટ અને સ્ટેટમેન ચાર્લ્સ ઈવન હગનો જન્મદિવસ (૧૮૬૨)
  - ગાંધીજીના ધર્મપત્ની કસ્તુરબાનો જન્મદિવસ (૧૮૬૯)
  - એપોલો - ૧૩ને ચંદ્રની ધરતી પર મોકલવા રવાના કરાયું (૧૯૭૦)
  - મશહુર ગણિતશાસ્ત્રી એનડ્રુ જહોન વિલ્સનો જન્મદિવસ (૧૯૫૩)
- ૧૨ એપ્રિલ : વિશ્વ ઈંડ્યન દિવસ
  - અમેરિકાની નાશા સંસ્થાએ પ્રથમ સ્પેશ શટલ કોલંબીયા લોન્ચ કર્યું (૧૯૮૧)
  - જાણીતા ક્રિકેટ ખેલાડી વિનુ માંકડનો જન્મદિવસ (૧૯૧૭)
  - શિકાગોના મેયર તરીકે આફ્રિકન એમરિકન હેરોલ્ડ વોશિંગ્ટન ચૂંટાયા (૧૯૮૩)
  - રશિયાના અવકાશયાત્રી યુરિ ગાગરીન પ્રથમ અવકાશયાત્રી બન્યા (૧૯૬૧)
- ૧૩ એપ્રિલ : જલિયાવાલા બાગ હત્યાકાંડ દિવસ
  - જનરલ ડાયરે જલીયાવાલા બાગમાં નિર્દોષ લોકો પર સૈનિકો દ્વારા ગોલીઓ છોડી કતલ કરવામાં આવી (૧૯૧૯)
  - અમેરિકાના પૂર્વ પ્રમુખ થોમસ જેફરસનનો જન્મદિવસ (૧૭૪૩)
  - નોબેલ પારિતોષિક વિજેતા જર્મન લેખક ગુન્ટર ગાસનું ૮૭ વર્ષની વયે અવસાન (૨૦૧૫)
  - ચુસ્ત ગાંધીવાદી રાજનેતા રતુભાઈ અદાણીનો જન્મદિવસ (૧૯૧૪)
- ૧૪ એપ્રિલ :
  - ગુલામોના મુક્તિદાતા અબ્રાહ્મ લિંકનનું નિધન (૧૮૬૫)
  - મશહુર બ્રિટીશ અભિનેત્રી જુલી ક્રિસ્ટનો જન્મદિવસ (૧૯૪૧)
  - અમેરિકન પ્રોફેશનલ બેઝબોલ પ્લેયર પીટે રોસનો જન્મદિવસ (૧૯૪૧)
  - હૅલન કેલરના શિક્ષક અન્ને સુલિયાન મેસીનો જન્મદિવસ (૧૮૬૬)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

પંજાબમાં આપના કયા નેતા મુખ્યમંત્રી બન્યા ?
જવાબ : ભગવંતસિંહ માન

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : સે-૭ (૩) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) મુળજીભાઈ પરમાર : સે-૭ (૬) નિલેષ રાણા : સે-૨૩ (૭) મેઘ બી. પટેલ (૮) એન બી ચુડાસમા : સેકટર-૩બી

**આ સપ્તાહનો સવાલ**

આર્થિક સંકટમાં સપડાયેલ શ્રીલંકાના હાલના વડાપ્રધાન કોણ છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# દેખાય છે જેવું, બધું એવું નથી હોતું, તરત મત બાંધી લેવાનું એટલે બરાબર નથી હોતું !

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

લો, અહીં અમેરિકામાં પણ તા. ૨૦ માર્ચથી 'સ્પ્રિંગ' યાને 'વસંત' ઋતુનું આગમન થઈ ચૂક્યું છે. તેથી પાનખર અને શિયાળાની કાતિલ ઠંડી,સ્નો - બરફવર્ષાના કારણે ઠરીને - પાંદડા ગુમાવી બેઠેલા વૃક્ષોમાં ધીરે ધીરે પુનઃ ચેતન આવવા લાગ્યું છે. ક્રમે ક્રમે ફૂલછોડ, ઝાડપાન, ઘાસ નવા શણગાર સજી રહ્યા છે. અહીં અમે આવ્યા ત્યારથી સૂકાયેલી જોયેલી વનરાજી ને બદલે લાગે છે કે હવે અહીંથી વતનની વાટ પકડીશું ત્યાં સુધીમાં ચોતરફ લીલુછમ્મ સૌંદર્ય દૃશ્યમાન થશે ખરું... વસંત-સ્પ્રિંગનું આગમન અને અમારી વિદાય - બધુ નિયતિએ નક્કી કર્યા મુજબ જ થવાનું ને ચાલતું રહેવાનું.

અહીં સત્તાવાર 'સ્પ્રિંગ' આવતાં જ વાતાવરણમાં આવેલો પલટો જોઈ, અહીંના લોકો 'મૂડ' માં આવી ગયા. વિન્ટરમાં ઠંડીના પ્રતાપે ઘરમાંથી સીધા કારમાં બહાર ને બહારથી આવી કારમાંથી સીધા ઘરમાં સીધાવી જઈ અંદર 'ફાયર પ્લેસ' ને 'હિટર' ના હવાલે થઈ જતા લોકો હવે થોડા થોડા ઘરના ઓટલે તડકો ખાવા બેસતા, બરમૂડા, શોર્ટ્સ, પાતળી ટીશર્ટ ને સ્લીવલેસમાં સજ્જ થઈ બહાર ફરતા થયા. સાવ શુષ્ક જણાતું 'નેબરહૂડ' થોડું ધબકતું થયેલું અનુભવાતું.... વૃક્ષોની જેમ ત્યાં પાછો એકાએખ ઊંચે જઈ રહેલો ગરમીનો પારો નીચે ગગડવા લાગ્યો, સાથે લોકોનો સ્પ્રિંગનો 'ટેમ્પો' પણ ઠરી ગયો. કુદરત આગળષ નિયતિ - પ્રકૃતિ સામે માણસો લાચાર છે એ સત્ય સ્વીકારીને જ રહેવું પડે ને !!

●●●

આપણામાંથી ઘણાંને એકલ દોકલ કિસ્સાના આધારે કોઈ બાબતમાં સર્વ સામાન્ય નિયમ બનાવી દેવાથી - ચોક્કસ મત બાંધી લેવાની (કુ)ટેવ કે ફાવટ હોય છે !! કોઈ વ્યક્તિ - વર્ગ કે વ્યવસાય સાથે બનેલા એકાદ પ્રસંગ કે થયેલા એકાદ અનુભવ પરથી તેમના માટે ચોક્કસ ગ્રંથિ - પૂર્વગ્રહ - માન્યતા આના કારણે જ બંધાઈ જતી હોય છે ને ? સારો કે ખરાબ (મહદઅંશે તો 'નેગેટિવ' જ ) ઊભા થવાનું કારણ આપણી આવી ટેવ કે આવો સ્વભાવ જ છે...

ઘણાં વર્ષો પૂર્વે - નાનપણમાં એ સમયે પરદેશ જઈને આવેલો કોઈએ કહેલું કે 'ફોરેનમાં તો સામાન્ય સફાઈ કર્મી પ્લમ્બર જેવા ય સૂટબૂટ પહેરે છે અને કારમાં જ કામ કરવા આવે છે.' વળી 'ફોરેનમાં તો છોકરો યુવાન છતાં જ મા-બાપને છોડીને સ્વતંત્ર રહે છે..' આવું સાંભળીને ત્યારે અમારા સહિત ઘણાએ વિદેશી યુવાપેઢી વિશે 'નેગેટિવ ઓપિનિયન' અને પરદેશમાં 'કારીગરોનો ય વટ છે' એવો અભિપ્રાય અંકે કરી લીધો હતો...

પણ હવે વારંવાર ફોરન જઈ આવનારા, વિદેશે લાંબો વસવાટ કરી આવનારા અને વિશેષ તો એકાદ અનુભવ કે દાખલા પરથી કાયમી મત બાંધી દેવાની ઉતાવળ નહીં કરનારાઓએ વર્ષો પહેલાં કોઈ 'ફોરેન રિટર્ન' કરેલી એ વાતમાં કેટલું તથ્ય છે એ સમજાઈ જ ગયું હશે.

અહીં ઠંડીનાં કારણે (ને વર્ષો પૂર્વે ગ્લોબલ વોર્મિંગ ન હોવાથી ઠંડી વધારે રહેતી) 'સર' હોય કે 'સર્વન્ટ' બધાએ સ્વેટર ઉપર સૂટ કોટ પહેરવા જ પડે. (હા, મોભા ને મત્તા મુજબ એની ક્વોલિટી અલગ હોવાની) તેથી તો અહીં કામદારને સૂટબૂટમાં સજ્જ થઈને જ નીકળવું પડે ને ! વળી, અહીં બધું દૂર દૂર હોય ને પબ્લિક ટ્રાન્સપોર્ટેશન એટલું સુલભ ન હોય કે મોંઘું હોય તેમ જ કામ કરવા આવનારે સાથે એનાં સાધનો - ઉપકરણો - માલસામાન (માળી હોય તો લોન સુવર, બ્લોઅર, કાતર - ઈલેકટ્રીક કટર વગેરે અને પ્લમ્બર - કાર્પેન્ટર - મેસન - કડિયો હોય તેમણે એનો સરંજામ) લઈને જ આવવું પડે. એ બધાં સામેની સરળ હેરાફેરી માટે ય કાર ફેરવતો (મજબૂરી સબબ જ ને ?) જોવા મળે.

એ જ રીતે પરદેશમાં ભલે સંતાનો ઉંમરલાયક થતા માતાપિતા અલગ રહેવા લાગે પણ એમની ચિંતા ને પૂરતી 'કૅર' કરતાં હોય છે. અમારી સામેના 'હાઉસ' માં એક વૃદ્ધ દંપત્તિ એકલું રહે છે. શરૂણાં તો ડોસા ડોસીને એકલા જીવતાં જોઈ મનમાં અનુકંપા ઉપજી અને થયું કે નિઃસંતાન હશે કે શું ? પછી જાણ્યું કે એમને દીકરી પરણાવી દીધી છે ને દીકરો - વહુ દૂર જુદાં રહે છે. પણ આ વયસ્ક દંપત્તિ સાથેની વાતોમાં એ વિશે કોઈ અફસોસ કે ફરિયાદનો સૂર સાંભળવા ના મળ્યો. ઉલ્ટાનું બંને પોતાની રીતે - પોતાની મસ્તીમાં રહીં શકે છે એની ખુશી હતી.

યુવાન સંતાનોને અલગ રહેવા પાછળનાં કારણો એમણે સમજાવ્યાં... દીકરો ને વહુ જોબ કરે છે. એમની નોકરી દૂર છે. એટલે એમનાં વર્ક પ્લેસથી નજીક રહે તો વધુ સુગમ પડે અને એમનો સમય બચે એટલે અમારાથી અલગ - થોડા દૂર રહે છે. એમણે કહ્યું કે એ તો એમની સાથે રહેવા અમને કહે છે પણ અમે અહીં વર્ષોથી રહીએ છીએ તે ગોઠી ગયું છે.

જુવાન સંતાનોને રહેવાની એમની સ્ટાઈલ હોવાની જ. રાત્રે મોડે સુધી જાગવાનો, ટીવી જોવાનો, ફ્રેન્ડ્ઝ સાથે વારંવાર પાર્ટીઓ કરવાનો ને એમાં મોટેથી મ્યુઝિક વગાડી, ડાન્સ કરવાનો શોખ હોય તો એનાથી મોમ-ડેડને પરદેશાની ના થાય માટે ય અલગ રહેવા લાગતા હોય.... કે પછી બે પેઢી વચ્ચેના વિચાર - વર્તન ભેદના કારણે રોજનું મનદુઃખ સહેવા કરતાં પ્રેમથી અલગ રહેવામાં ખોટું કશું નથી એમ માનતા હોઈ શકે કે નહીં ?

આ વયસ્ક દંપત્તિ તથા બીજા કેટલાક પરિચિતો સાથેની ચર્ચામાં જાણ્યું કે ફક્ત વિદેશી પ્રજામાં જ નહીં, વર્ષોથી અહીં આવી વસેલા આપણાં ભાઈ - બહેનોનાં, અહીં જન્મેલા - ઊછરેલાં - ભણેલા સંતાનો પણ ઉંમરલાયક ઉપરોક્ત કારણોસર મમ્મી-પપ્પાની પૂર્ણ સંમતિ ને રાજીપા સાથે સ્વતંત્ર રહેવાનું પસંદ કરતાં હોય છે. હા, એ કાઈ મોમ-ડેડને ભૂલી જતાં નથી કે એમની જરાય ઉપેક્ષાય નથી કરતાં. વીક ડેઝમાં એકાદવાર સમય કાઢીને અને વીક એન્ડમાં તો અચૂક ખબર લેવા - મળવા, કંઈ કામકાજ હોય તો કરી આપવા, ચીજવસ્તુઓ લાવી આપવા આવે જ છે. મોમ-ડેડ સાથે પાર્ટી કરે, એમને ફરવા લઈ જાય. પરણેલા દીકરા-વહુને એમનાં ચિલ્ડ્રન સાથે આવતાં અને ગ્રાન્ડ પા - ગ્રાન્ડ માને ગ્રાન્ડ ચિલ્ડ્રન સાથે મોજ-મસ્તી કરીને 'ક્વોલિટી' ટાઈમ પાસ કરતાં જોયા છે....

ટૂંકમાં જે દેખાય તે બધું સાચું - સારું ને હોય એમ ખોટું - ખરાબ પણ નથી હોતું.... જરૂર હોય છે દરેક ચીજને આપણા ગજથી માપવાની કે આપણાં ચશ્માામાંથી જોવાની અને આપણા પૂર્વગ્રહ સાથે એ વિશે અભિપ્રાય બાંધવાની જે માનસિકતા છે એમાં બદલાવ લાવવાની એમ આઈ રાઈટ ?